
# અરવલ્લી એસ.પી.કચેરીથી ૨૦૦ મીટર લૂંટારૂઓનો આતંક

## ઈન્સ્ટિટ્યૂટના ચોકીદાર પરિવારને મારમારી બંધક બનાવી ઓફિસમાંથી ૨૦ હજારની લૂંટ



મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ડામાડોળ બની હોય તેવા દ્રશ્યો સામાન્ય બન્યા છે. ચોર, ઘરફોડ ગેંગને ખાખી વર્દીનો ખોફ જ હોય તેમ સતત બિન્દાસ્ત ચોરી, લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે મોડાસા શહેરના શામળાજી રોડ પર જીલ્લા પોલીસવડા કચેરીની સામે અને ફક્ત ૨૦૦ મીટર દૂર આવેલી તત્ત્વ ઈન્સ્ટિટ્યૂટ એન્જીનીયરીંગ કોલેજમાં બુકાનધારી લૂંટારૂઓ ત્રાટકી એક ચોકીદારને મોઢામાં ડૂચો મારી અન્ય એક ચોકીદાર અને તેના પરિવારને મારમારી રૂમમાં પુરી દઈ સતત ૪ કલાક સુધી અલગ-અલગ ઓફિસમાં તિજોરી અને કબાટમાં તોડફોડ કરી ૨૦ હજાર રૂપિયા મળી આવતા લૂંટ કરી નાસી છૂટ્યા હતા કોલેજમાં લૂંટની ઘટના બનતા કેમ્પસ ડાઈરેકટર જયદત્તસિંહ પુવાર કોલેજ દોડી આવી કોલેજમાં બનેલી લૂંટની ઘટનાના સીસીટીવી ફૂટેજ અને બંને ચોકીદાર સાથે પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ નોંધાવતા પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લો શિક્ષણ નગરી તરીકે આગવું સ્થાન ધરાવે છે, જ્યાં ભવિષ્યના ઘડતરના પાઠ ભણાવાય છે ત્યાંજ લૂંટારુઓ લૂંટની ઘટનાને અંજામ આપવા ત્રાટક્યા હતા. તત્ત્વ ઈન્સ્ટિટ્યૂટ કોલેજમાં ચોકીદારની ફરજ બજાવતા વિક્રમસિંહ અરવિંદસિંહ રાઠોડ ઉ.૩૦ ને શનિવારની મધ્ય રાત્રીએ અજાણ્યા ૫ થી વધુ લૂંટારુઓ કોલેજ કેમ્પસમાં પ્રવેશી હાથ પગ બાંધી મોઢામાં ડૂચો મારી બંધક બનાવી ઘટનાને અંજામ આપતા પોલીસ સામે અનેક સવાલો ઉભા થયા છે. મોડાસા ખાતેની જિલ્લા પોલીસ વડા ભવનથી માત્ર ૨૦૦ મીટર દૂર કોલેજમાં લૂંટની ઘટના પ્રકાશમાં આવતા સ્થાનિકોમાં ભય પેદા થયો છે. નીડર થઈ લૂંટારુઓ ચાર કલાકમાં સુધી કોલેજની વિવિધ ઓફીસના તાળા તોડી અંદર પ્રવેશ તિજોરી તોડી સંસ્થાના રૂ.૨૦ હજાર રૂપિયા ની ચોરી કરી હતી, કોલેજના સ્ટાફ ક્વાર્ટરમાં રહેતો બીજો ચોકીદાર લૂંટારુઓને જોઈ જતા બુમાબુમ કે પ્રતિકાર કરે તે પહેલા લૂંટારૂઓએ ચોકીદાર સહિત અને તેના બે સંતાનોને માર મારી રૂમમાં પુરી દેતા ચકચાર મચી હતી. તીક્ષ્ણ હથિયારો સાથે કોલેજની ઓફિસમાં લૂંટારુઓ સીસીટીવી કેમેરામાં જોવા મળ્યા હતા.

સમગ્ર ઘટનાની કોલેજના વડા જયદત્તસિંહ પુવારને ખબર પડતાં તાબડતોબ કોલેજ ખાતે આવી ચોકીદારના ખબરઅંતર પૂછી મોડાસા શહેર પોલીસ ખાતે ઘટનામાં ભોગ બનનાર ચોકીદારને સાથે રાખી પોલીસ ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર ઘટનાની પોલીસે ઝીણવટભરી તપાસ આરંભી આરોપીઓ સુધી પહોંચવાની તજવીજ હાથ ધરી છે.

# વડગામ પંથકમાં ત્રીજા દિવસે પણ તીડનો આક્રમણ યથાવત : ખેડૂતો ના પાકને ભારે નુક્સાન

## જિલ્લા પંચાયતના સદસ્ય દ્વારા મુખ્યમંત્રીને રજુઆત : સર્વે કરીને ખેડુતોને સહાય ચુકવવા કરાઇ : ખેડુતો દ્વારા થાળી-તગારા વગાડીને તીડને ભગાવવાની કોશિશ કરાઇ રહી છે : ખેડુતોની દયનીય હાલત



વડગામ,

વડગામ પંથકના ખેડૂતો માથે જાણે કુદરત રૂઠ્યો હોય તેમ એક પછી એક કુદરતી આફતોનો સામનો વડગામ પંથકના ખેડૂતો કરતા રહ્યા છે. અને ઉપર આભ અને નિચે ધરતી વચ્ચે ખેડુતો કુદરતના પ્રકોપ વચ્ચે લાચાર બનીને બેઠા છે. ખેતીવાડીના સત્તાધીશો દ્વારા માત્ર હેલ્પલાઈન નંબર શોસ્યલ મીડીયામાં જારી કરીને સબસલામતના ગુણ ગાન ગવાય રહ્યા છે. નક્કર કામગીરી ન કરાતાં ખેડૂતોમાં રાષ પ્રગટ થઈ રહ્યો છે. વડગામ તાલુકામાં છેલ્લા ત્રણ દિવસથી લાખોની સંખ્યામાં તીડનુ આક્રમક જોવા મળી રહ્યું છે. ખેડુતોના ઉભા પાકોને પારાવાર નુકશાની પહોંચી રહ્યું છે ત્યારે વડગામ ખેતીવાડી વિભાગ દ્વારા માત્ર લોકેશનો મેળવીને સવારે દવાનો છંટકાવ કરવામાં આવતો હોવાનું રટણ કરાઇ રહ્યું છે. જેના કારણે સમગ્ર વડગામ પંથકના ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વડગામના પેપોળ, મેમદપુર, રૂપાલ, નગાણા, લિબોઇ, મેગાળ, ગીડાસણ, મગરવાડા, ભોગરોડીયા, ખરોડીયા, સહીતના ગામડાઓમાં તીડના પ્રકોપથી ખેડુતો હચમચી ગયા છે અને ખેતીના પાકને બચાવવા ઠંડીના ચમકારા વચ્ચે થાળી, તગારા, ઢોલ, ધુમાડો કરીને મથામણ કરી રહ્યા છે. ત્યારે જિલ્લા પંચાયતની મેમદપુર સીટના જિલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સક્સેના અને પુર્વ જિલ્લા પંચાયત સદસ્ય બાલકૃષ્ણ જીરાલા દ્વારા વડગામના ખેડુતોની દયનીય હાલત જાણીને મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ જિલ્લા પ્રભારી ઈશ્વરભાઈ પરમાર સહિતના મંત્રીઓ સમક્ષ લેખિતમાં રજૂઆત કરીને સરકાર દ્વારા તાત્કાલિકના ધોરણે ખેડુતોના પાકને બચાવવા હેલીકોપ્ટર દ્વારા દવાનો છંટકાવ કરાય તેમજ નુકસાની નુ સર્વે કરીને ખેડુતો ને સહાય ચુકવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# જુના ડીસાથી આસેડા રોડ પર રઝળતા પશુઓનો જમાવડો



ડીસા, તા. ૨૩

ડીસા શહેરની સાથે સાથે હાઈવે વિસ્તારોમાં પણ રખડતા પશુઓના કારણે અવારનવાર અકસ્માતો સર્જાય છે. જેના કારણે અનેક આશાસ્પદ જિંદગીઓ મોતના મુખમાં ધકેલાય છે, છતાં હાઈવે ઓથોરિટી દ્વારા આ મામલે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. પરિણામ સ્વરૂપ આવા રખડતા ઢોર હાઈવે ઉપર બિન્દાસ ફરતા નજરે ચડી રહ્યા છે. જેના લીધે વાહન ચાલકોને સતત અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. જેમા ડીસાથી પાટણ હાઈવે રોડ ઉપર જુનાડીસા નજીક અનેક કોલ્ડ સ્ટોરેજ આવેલ છે. આ કોલ્ડસ્ટોરેજ સંચાલકો સડેલા બટાકાના જથ્થાને બહાર ફેક્તા અનેક રઝળતા પશુઓ આ કોલ્ડસ્ટોરેજ આસપાસમાં જ રખડતા હોય છે અને રોડ ઉપર અડિંગો જમાવી દેતા અનેકવાર અકસ્માત પણ સર્જાય છે જેના પગલે વાહનચાલકોમાં હાઈવે ઓથોરિટી આવા રખડતા પશુઓને દૂર કરી રાહત આપે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# ડીસામાં બિનવારસી ત્રણ બાળકો મળ્યા

ડીસા, તા. ૨૩

ડીસાના રાજ મંદિર સિનેમા નજીક મોડી રાત્રે ત્રણ જેટલા બાળકો બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા જેમને હિન્દુ યુવા સંગઠન દ્વારા રક્ષણ આપી એક સંસ્થાને સોંપવામાં આવ્યા હતા.

ડીસાના માર્કેટયાર્ડ નજીક રાજ મન્દિર સિનેમા નજીક ઠંડીમાં કેટલાક બાળકો ઠરી રહ્યા હતા. જે બાળકોને ત્યાંથી પસાર થતા ડીસા હિન્દુ યુવા સંગઠનના પ્રમુખ નીતિનભાઈ સોની અને અન્ય સભ્યો જોતા આ બાળકોની પૂછપરછ કરતા કિશોર, પૂજા અને અમર નામના બાળકો પોતે એકલા હોઈ અહીં ડીસા આવી ચડ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી હિન્દુ યુવા સંગઠનના યુવાનોએ આ ત્રણ બાળકોને ડીસા દક્ષિણ પોલીસ મથકે લાવી ત્યાં તેમની જાણકારી મેળવી હતી. જોકે તપાસ દરમિયાન તેમના કોઈ વાલી-વારસો ન મળી આવતા આખરે આ ત્રણ બાળકોને અમદાવાદ ખાતે વિચરતી જાતિ સમુદાયમાં અભ્યાસ અને પાલનપોષણ અર્થે મોકલી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં વિચરતી જાતિ સમુદાયના કાર્યકર મહેશભાઈને બોલાવી આ સમગ્ર બાબતે ચર્ચા કરી આ બાળકોને અમદાવાદ ખાતે મોકલી આપવાની કાર્યવાહી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ડીસામાં કાર્યરત હિન્દુ



સેવા સંગઠનના કાર્યકરોની જાગૃતતાથી આ ત્રણ બાળકોને સુરક્ષિત નવજીવન પામવાનો અવસર મળ્યો છે.

# દાંતીવાડા અને ખોડા ચેકપોસ્ટ પાસેથી કુલ રૂ. ૨૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## ઝાયલો ગાડીમાંથી તેમજ થરાદની ખોડા ચેકપોસ્ટ પાસેથી ટ્રકમાં ભૂસાની આડમાં લઇ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારોમાંથી વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા માટે જિલ્લા પોલીસવડા તરૂણ કુમાર દુગ્ગલની સૂચના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં દાંતીવાડા ત્રણ રસ્તા પાસે પોલીસના ચેકિંગ દરમિયાન મહિન્દ્રા ઝાયલો ગાડીમાંથી ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની બોટલો સહિત રૂ.૭૧ હજારનો દારૂ તથા બે લાખની ગાડી મળી કુલ રૂ.૨.૭૧ લાખના મુદ્દામાલ સાથે હા.અનુજ મહાવીર ખેડવા (રહે. હીરણ મગરી સેકટર-૪, ઉદેપુર, રાજસ્થાન) વાળાને ઝડપી લેવાયો હતો. જયારે બીજા એક બનાવમા થરાદ પોલીસ મથકના પી.આઈ. જે એન ખાંટની સૂચના આધારે થરાદ પોલીસની ટીમે બાતમી આધારે ખોડા ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન એક ટ્રક આવતા ટ્રકમાં ભૂસાના કટ્ટા ભરેલ હોય તેની પર શંકા જતાં તેને રોકાવી તલાસી લેવામાં આવતા ભૂસાના કટ્ટા નીચે સંતાડેલો વિદેશી દારૂ બોટલ - ૭૨૨૪ કુલ રૂ.૨૧.૬૭ લાખનો મળી આવતા પોલીસે દારૂ સહીત કુલ રૂ.૨૬.૭૦ લાખના મુદ્દામાલ સાથે ચાલક મનીષ રમેશ નાઈ (રહે.ભીલવાણ,તા.ગોહાના જી.સોનીપત,હરિયાણા) વાળાને ઝડપી લેવામાં આવ્યો હતો. જયારે ટ્રક ચાલકની પૂછપરછ દરમિયાન ઉપરોક્ત દારૂ અજય ઉર્ફે રવિ નામના ઈસમે આપ્યો હોવાનું અને રાજકોટ ખાતે લઈ જવાનુ કહેવામા આવેલ હોવાનું કબુલતાં તેની સામે પણ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# નાગરિક સંશોધન અધિનીયમના નિર્ણયને સમર્થન આપવા આજે હિંમતનગરમાં વિશાળ મૌન રેલી

## નાગરિક જાગરણ સમિતિ દ્વારા છાપરીયા ચાર રસ્તાથી રેલી નીકળશે : તમામ સમુદાયના નાગરિકો મૌન રેલીમાં જોડાવવા અપીલ

હિંમતનગર, તા. ૨૩

કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં રહેતા અનઅધિકૃત લોકો દ્વારા ફેલાવાઈ રહેલા દેશ વિરોધી પ્રવત્તિઓને નેસ્તનાબુદ કરવાના આશયથી કેન્દ્ર સરકારે નાગરિક સંશોધન અધિનીયમ બનાવવાનો નિર્ણય કર્યો છે ત્યારે ગુજરાત સહિત સમગ્ર દેશમાં તેના અનેક પ્રત્યાઘાત પડી રહ્યા છે. દરમ્યાન સાબરકાંઠા નાગરિક જાગરણ સમિતિએ આ ભવ્ય નિર્ણયને આવકારવાના આશયથી મંગળવારે તા. ૨૪ ડિસેમ્બરના રોજ બપોરે ૨ વાગે ભવ્ય મૌન રેલીનુ આયોજન કર્યુ છે. જેમાં તમામ સમુદાયના લોકોને રેલીમાં જોડાવવા માટે અપીલ કરાઈ છે.

આ અધિનીયમમાં એવી જોગવાઈ છે કે પાકિસ્તાન, બાગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં લઘુમતીમાં ગણાતા હિંદુ, બૌદ્ધ, જૈન, શીખ, ઈસાઈ અને પારસી કોમના લોકો જીવ બચાવવા માટે ભારત આયા છે. તેથી તેમને ગેરકાયદે નાગરિક કે પ્રવાસી માનવામાં નહી આવે અને તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ સુધી ભારત આવી ચુક્યા છે એમને ભારતની નાગરીકતા મળશે. અહીં થયેલા એમના લગ્ન અને બાળકોને પણ કાયદાકીય રીતે માન્યતા અપાશે. સરકારના આ અધિનિયમને દેશમાં અનેક ઠેકાણે અકલ્પનીય આવકાર મળી રહ્યો છે ત્યારે હિંમતનગરમાં પણ આ નિર્ણયને આવકારવા માટે ભવ્ય મૌન રેલીનું આયોજન કરાયું છે.

નાગરિક જાગરણ સમિતી સાબરકાંઠાના સૌજન્યથી યોજાયેલ આ ભવ્ય મૌન રેલીનો પ્રારંભ મંગળવારે બપોરે બે વાગ્યે છાપરીયા ચાર રસ્તા પાસે આવેલ ફાયર સ્ટેશન ખાતેથી થશે. જેમાં જાણીતા અગ્રણી નરહરી અમીન, સાબરકાંઠાના વિવિધ ક્ષેત્રના શ્રેષ્ઠીઓ, સાબડેરીના ચેરમેન શામળભાઈ પટેલ, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, હિંમતનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન જેઠાભાઈ પટેલ, ભાજપના જિલ્લા પ્રમુખ જે.ડી. પટેલ, નગરપાલિકા પ્રમુખ અનિરૂદ્ધભાઈ સોરઠીયા સહીત વિવિધ સમુદાયના લોકો ઉપસ્થિત રહેશે.

# સાબરકાંઠામાં ફરી વાતાવરણ બદલાયું

## માવઠાની વકીથી ખેડૂતોમાં ચિંતા : દિવસે ફુંકાયેલા ઠંડા પવનને લીધે ઠંડી વર્તાઈ

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લામાં રવિવારથી વાતાવરણમાં પલ્ટો આવ્યાને કારણે આકાશ આછા વાદળોથી ઘેરાઈ ગયુ હતુ અને સોમવારે સવારથી જ ઠંડો પવન શરૂ થઈ જવાને કારણે અનેક ઠંડીને કારણે ઠુંઠવાઈ ગયા હતા. તથા આખો દિવસ ગરમ વસ્ત્રો પહેરી રાખવા પડ્યા હતા. વાતાવરણમાં આવેલા બદલાવને કારણે આગામી બે-ત્રણ દિવસમાં માવઠુ થવાની શક્યતા નકારી શકાતી નથી. અને જો માવઠુ થશે તો ખેડૂતોની હાલત પડતા પર પાટુ જેવી થવાની શક્યા છે.

સાબરકાંઠા જિલ્લામં રવિવારથી વાતાવરણમાં આવેલા પલ્ટાને કારણે રવિવારે તાપમાન ૧૭ થી ૨૭ ડિગ્રી રહેવા પામ્યુ હતુ. જે આજે પણ સોમવારે યથાવત રહ્યુ હતુ. દરમ્યાન સોમવારે સવારથી જ ઉત્તર પૂર્વના ઠંડા પવનો શરૂ થઈ જવાને કારણે ઠંડીની અસરો વર્તાઈ હતી. વાદળછાયા વાતાવરણને લઈને સૂર્યપ્રકાશ પણ ઝાંખો દેખાયો હતો. આખો દિવસ ચાલુ રહેલા પવનને કારણે લોકોએ ગરમ વસ્ત્રો પહેરી રાખવાનુ મુનાસિબ માન્યુ હતુ. બીજી તરફ અરબી સમુદ્રમાં સર્જાયેલા લો પ્રેસરને લઈને ઉત્તર ગુજરાતના કેટલાક સ્થળે માવઠુ થવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા દર્શાવાઈ રહી છે ત્યારે જો સાબરકાંઠામાં ન કરે નારાયણ અને માવઠુ થાય તો તેના લીધે રાયડો, જીરૂના પાકને અવળી અસરો પડી શકે તેમ છે. વાદળછાયા વાતાવરણને લીધે હાલ તો દિવેલાના પાકમાં ઈયળોનો જે ઉપદ્રવ વધી ગયો છે તેને લઈ ખેડૂતો ખુબજ ચિંતીત બની ગયા છે. આમેય આ વર્ષે પાકને અનુકૂળ વાતાવરણ ન રહેવાને કારણે ખેડૂતો માટે નુકસાનકારક છે.

# ઈડર અને વડાલી તાલુકામાં તીડના સંભવિત આક્રમણ સામે તંત્ર એલર્ટ

## સાબરકાંઠાની સરહદેથી ૨૫ કિમી દૂર તીડના ટોળા દેખાયા : જિલ્લા ખેતીવાડી અધિકારીએ મુલાકાત લઈને ખેડૂતોને સાવચેત રહેવા અપીલ કરી

હિંમતનગર, તા. ૨૩

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી ખેડૂતો માટે દુશ્મન સમાન ગણાતા તીડના ઉપદ્રવને કારણે તે વિસ્તારના ખેડૂતોના પાક સંપૂર્ણ નિષ્ફળ ગયા છે અને તીડના આ ધાડા મહેસાણા જિલ્લાના સતલાસણા પંથકમાં રવિવારે આવી પહોંચતા તે સાબરકાંઠા જિલ્લાના ઈડર અને વડાલી તાલુકાના ધરોઈ કાંઠા નજીક આવે તેવી શકયતાને લઈને જિલ્લાનું વહીવટીતંત્ર એલર્ટ બની ગયુ છે. જેના માટે રવિવારે જિલ્લા ખેતીવાડી અધિકારીએ સતલાસણા પંથકની મુલાકાત લઈ જાત માહિતી મેળવી હતી.

દરમ્યાન દિવાળી આઉ સાબરકાંઠા પાછોતરા વરસાદે ખેડૂતોની હાલત કફોડી બનાવી દીધી હતી. જેની કળ હજુ ખેડૂતોને વળી નથી ત્યાં ફરી પાછુ તીડના આક્રમણની આફત માથે આવીને ઉભી છે. થોડાક દિવસ અગાઉ બનાસકાંઠા જિલ્લાના વાવ પંથકના ૧૫થી વધુ ગામોની સીમમાં આવી ચઢેલા અસંખ્ય તીડના ટોળાઓએ પાકનો સોથ વાળી દીધો હતો. જો કે પાકને બચાવવા માટે ખેડૂતોએ અનેક મથામણ કરી હોવા છતાં તેમાં ઝાઝી સફળતા મળી ન હતી. તીડના આ ટોળા રવિવારે સતાલસણા તાલુકાના ગામડાઓના સીમાડાઓમાં આવી ચઢ્યા હતા. જે અંગે સાબરકાંઠા જિલ્લા ખેતીવાડી અધિકારી વી.કે. પટેલને ખબર પડતા તેમણે સતલાસણા તાલુકાના ગામોની મુલાકાત લીધી હતી અને જો તીડના ટોળાને ઉડવા માટે અનુકૂળળ પવન મળે તો તેઓ ઈડર અને વડાલી તાલુકાના મહોરા, બાપસર, વેડા સહીતના દસથી વધુ ગામોના સીમાડાઓમાં આક્રમણ કરે તેવી શક્યતા છે.

આ અંગે અધિક કલેક્ટર વી.એલ. પટેલે જણાવ્યું છે કે વહીવટીતંત્ર દ્વારા ખેડૂતોને સંભવિત તીડના આક્રમણ સામે સાવધ રહેવા તાકીદ કરાઈ છે. અને જે વિસ્તારમાં ખેડૂતોના દુશ્મન સમા તીડના ટોળા દેખાય તો લોકોએ થાળીઓ વગાડીને તેમને ભગાડવા જોઈએ ખાસ કરીને રાત્રે તીડ નામના આ પક્ષીઓ રાત્રે જ્યાં મુકામ કરે છે તે ઝાડ અથવા તો ખેતરમાં તૈયાર કરાયેલા પાકને સફાછટ કરી નાંખે છે.

# બનાસકાંઠાની આંગણવાડી બહેનોના પડતર માંગણીઓને લઈને ધરણાં



સરહદી બનાસકાંઠા જિલ્લામાં મહેસુલી, આરોગ્યકર્મીઓ બાદ હવે આંગણવાડીઓમાં ફરજ બજાવતી બહેનોએ તેમની વિવિધ માંગણીઓને લઈને સરકાર સામે બાંયો ચડાવી છે. આંગણવાડી બહેનોએ પાલનપુરના કોજી વિસ્તારમાં ધરણાં યોજી સરકાર સત્વરે તેમના પડતર પ્રશ્નોનો ઉકેલ લાવે તે માટે આક્રોશ સાથે રજૂઆતો કરી હતી.

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, વડગામ, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, ડીસા, લાખણી, દિયોદર, ભાભર, કાંકરેજ, થરાદ, વાવ અને સુઈગામ તાલુકાની આંગણવાડીઓમાં ફરજ બજાવતી બહેનોએ પોતાના વિવિધ પડતર પ્રશ્નો મુદ્દે અગાઉ સરકારમાં રજૂઆતો કરી છે. ધરણાં સહિતના કાર્યક્રમો આપ્યા છે. પરંતુ સરકાર દ્વારા ઉકેલ લવાતો નથી. ત્યારે પાલનપુર ખાતે રવિવારે બહેનોએ ધરણાં કર્યા હતા.

આ અંગે આંગણવાડી કર્મચારી સભા ગુજરાતના પ્રમુખ ચંપાબેન પરમારે જણાવ્યું હતું કે, આંગણવાડી કર્મચારી સભા સંલગ્ન હિંદ મહાસભાના નેજા તળે રવિવારે પાલનપુર કોજી વિસ્તારમાં ધરણાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અમારી પડતર માંગણી મુદ્દે પુનઃ સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લાભરમાંથી મોટી સઁખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી.

# પાલનપુર હાઈવે સર્કલ આસપાસ દબાણો હટાવવાની કામગીરી બીજા દિવસે પણ યથાવત

## નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા બિનજરૂરિયાત વાળી જાળીઓ દુર કરવામા આવી




પાલનપુર

પાલનપુર શહેરમાં એરોમા સર્કલ આસપાસ નવી દબાણને પગલે ટ્રાફિક સમસ્યા દિન પ્રતિદિન વધતી જતી હોય આ બાબતે થયેલી રજૂઆતોને પગલે છેલ્લા કેટલાક દિવસથી ટ્રાફિક હળવો કરવા માટે દબાણ દૂર કરવા સહિતની કામગીરી હાથ ધરાઈ છે. જેમાં આજે બીજા દિવસે પણ દબાણ હટાવો કામગીરી યથાવત જોવા મળી હતી.

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર શહેરમાં એરોમા સર્કલ આસપાસ લારી ગલ્લાના દબાણ તેમજ બિન જરૂરિયાત ડિવાઈડરો તેમજ જાળીઓ લગાવી દેવામાં આવેલ હોય રસ્તો સાંકડો બની જતાં ટ્રાફિકની સમસ્યા માથાના દુખાવા સમાન બની ગઈ હતી.

આ બાબતે અનેક રજૂઆતો બાદ છેલ્લા કેટલાક દિવસથી ટ્રાફિકને હળવો કરવા માટે એક્શન પ્લાન ઘડવામાં આવ્યો છે અને ટ્રાફિક કાયમી માટે નિવારવા માટે પગલાં હાથ ધરવામાં આવ્યા છે. જેમાં છેલ્લા બે દિવસથી એરોમા આસપાસના દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. જેમાં આજે બીજા દિવસે પણ દબાણ હટાવવાની કામગીરી યથાવત જોવા મળી હતી. જેમાં બિન જરૂરીયાતવાળી જાળીઓ નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ દ્વારા દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે હાઈવે સર્કલ આસપાસ છેલ્લા ઘણા સમયથી દબાણો કરી બેઠેલા દબાણદારો સામે કડક પગલાં ભરવામાં આવતા હવે દબાણદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. બીજી તરફ હાઈવે સર્કલ પરના રસ્તાઓ ખુલ્લા થતા ટ્રાફિક હળવો બને તેવી શક્યતાને પગલે લોકોએ પણ હાશકારો અનુભવ્યો છે.